## ડૉ. ભાસ્કર શુક્લ પાટણ કૉમર્સ કૉલેજના આચાર્ય



ગાંધીનગર, તા.૩૧

યુવરાજ સુભગસિંહ આર્ટસ-કોમર્સ કોલેજ દેવગઢ બારિયાના આચાર્ય ડૉ. ભાસ્કર શુક્લની શ્રીમતી ટી.એસ. આર. કોમર્સ કોલેજ પાટણના આચાર્ય તરીકે નિમણુક થતાં તેમનો સ્વાગત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉત્તર ગુજરાત એજ્યુકેશન સોસાયટી મુંબઈના માનદ મંત્રી શ્રીમતી યામીનીબેન દેસાઈએ ડૉ. શુક્લને આવકાર આપીને સંસ્થાની પ્રગતિમાં મેનેજમેન્ટના સહકારની ખાત્રી આપેલ હતી. ડૉ. ભાસ્કર શુક્લએ અંગ્રેજી સાહિત્યના ૧૬ પુસ્તકો તેમજ કારર્કિદી વિષયક ૬ પુસ્તકો પ્રકાશિત કરેલ છે.

## નીકી મેટરનીટી હોમમાં ત્રીજીએ મફત નિદાન કેમ્પ

*ગાંધીનગર, તા.૩૧*

*નીકી મેટરનીટી હોમ પ્લોટ નં. ૪૮૪/ર, સેક્ટર-ર૯ ખાતે તા. ૩જી જૂન રવિવારે સવારે મફત નિદાન કેમ્પનું આયોજન કરેલ છે.*

*કેમ્પમાં નીચે મુજબની સેવાઓ તદ્દન ફ્રી આપવામાં આવશે. હાડકામાં કેલ્શીયમનું પ્રમાણ લોહીમાં હિમોગ્લોબીનનો ટેસ્ટ, ડેન્ટલ ચેકઅપ, વજન ઉતારવા માટે મશીન દ્વારા તપાસ અને ડાયેટીશીયન દ્વારા આહાર અને માર્ગદર્શન ખરતા વાળ અંગે નિદાન અને સલાહ.*

*સમયસર હાજર રહીને ઉપરોક્ત સેવાઓનો લાભ લેવા જણાવવામાં આવે છે.*

## બીજી જૂને ટાઉનહૉલ ખાતે કૉમેડી નાટક ‘છલ છલોછલ’

ગાંધીનગર, તા. ૩૧

આગામી તા. બીજી જૂનના રોજ ગાંધીનગર ટાઉનહૉલખાતે કૉમેડી નાટક ‘છલ છલોછલ’નું આયોજન કરવામાં આવ્યું છે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરના ઉપક્રમે રાત્રે ૯.૧૫ કલાકે પ્રા. જ્યોતિ વૈદ્ય લિખિત અને રાજેશ રાણા દિગ્દર્શિત આંગીકમ, સુરત દ્વારા આ નાટકની પ્રસ્તુતિ કરવામાં આવશે.

નાટકનો પ્રયોગ જાહેર જનતા માટે આયોજિત કરવામાં આવ્યો છે. કલાપ્રેમીઓને નાટક નિહાળવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

નાટક માટેના નિમંત્રણ કાર્ડની જેમને આવશ્યકતા હોય તેઓ અકાદમીના કાર્યાલય - પ્રથમ માળ, બ્લૉક નં. ૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતેથી બપોરે ૩.૩૦ કલાક પછી કાર્ડ મેળવી શકશે, એમ સંગીત નાટક અકાદમીના સચિવ ડૉ. પ્રદીપ આઝાદ દ્વારા જણાવવામાં આવ્યું છે.

## ગાંધીનગરના રાજવૈદ્ય દિનેશભાઈ પંડયાના તંદુરસ્તી અને દિનચર્યા પુસ્તકનું વિમોચન

### આયુર્વેદિક દષ્ટિકોણથી વ્યક્તિ નિરોગી બને

ગાંધીનગર, તા.૩૧

રાજવૈદ્ય દિનેશચંદ્ર એચ. પંડયા દ્વારા પાંચમી પુસ્તિકા ‘તંદુરસ્તી અને દિનચર્યા’નું વિમોચન આરોગ્ય



મંત્રીશ્રી જયનારાયણ વ્યાસના હસ્તે કરાવવામાં આવ્યું હતું. પુસ્તિકાની પ્રથમ આવૃતિ રોટરી કલબ ઓફ કેપીટલ ગાંધીનગર દ્વારા પ્રકાશિત કરવામાં આવી હતી. જે નિઃશુલ્ક આપવામાં આવશે.

પુસ્તકમાં આયુર્વેદિક દષ્ટિકોણથી જીવન પદ્ધતિ અપનાવાથી વ્યક્તિ નિરોગી બને છે. ઋતુ અનુસાર જીવન પદ્ધતિમાં શું ફેરફાર કરવા જોઈએ તેના મહત્વના સુચનો રજૂ કરેલા છે. તદ્ઉપરાંત સુંદરતા વધારવા માટે અનુભૂત શાસ્ત્રીય બ્યુટી ટીપ્સ આપી છે. જે તમામ ઉંમરની બહેનોને ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

નાના બાળકોથી માંડી વયોવૃદ્ધને ઉપયોગી પુસ્તિકા નિઃશુલ્ક વિતરણ અર્થે આયુર્વેદ નિયામક એસ.સી. પંત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા પણ છપાવવામાં આવી છે. જે સરકારી આયુર્વેદ હોસ્પિટલ ગાંધીનગર ખાતે જરૂરિયાતમંદ દર્દીઓને નિઃશુલ્ક આપવામાં આવશે.

‘તંદુરસ્તી અને દિનચર્યા’ના વિમોચન સમયે રાજવૈદ્ય દિનેશચંદ્ર પંડ્યા, લેખક શ્રી હર્ષભાઈ જાની, રોટરી કલબ ઓફ કેપીટલના મંત્રી રાજેશભાઈ દવે, એસ.કે નંદા, મહેન્દ્રભાઈ ભાવસાર અને દેવીસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.




વિશ્વ તમાકુ દિન નિમિત્તે ગાંધીનગર એન.સી.સી. ઓફિસર કમાન્ડીંગ સંદિપ સિંઘ દ્વારા ગાંધીનગરમાં તમાકુના વ્યસનની જાગૃતિ માટે રેલી યોજાઈ હતી. જેમાં ૪૮૬ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા. ગાંધીનગર એન.સી.સી. કમાન્ડીંગ ઓફિસર સંદિપ સિંઘે લીલી ઝંડી આપી સમગ્ર રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. યુવાનો તમાકુ જેવા વ્યસનથી દૂર રહે અને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ કેળવે તે નિમિત્તે એન.સી.સી. દ્વારા તમાકુ વિરોધી રેલી યોજાઈ હતી.

# ઉદ્ગમ ટ્રસ્ટ આયોજિત બાળવૈભવ શિબિર સંપન્ન



ગાંધીનગર, તા. ૩૧

ઉદ્ગમ ચૅરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત બાળવૈભવ સમર કૅમ્પ સંપન્ન થયો છે, જેની ફળશ્રુતિરૂપે બાળકોના વિકાસ અર્થે દર માસે એકવાર બેઠક યોજવાનો નિર્ણય વાલીઓ દ્વારા કરવામાં આવ્યો છે.

‘આવો રંગ ભરીએ, બાળકનું જીવન બદલીએ’ અભિગમ સાથે તા. ૨૩થી ૨૭ મે દરમ્યાન યોજાયેલા આ કૅમ્પમાં બાળકના વ્યક્તિત્વ વિકાસના આશય સાથે દક્ષાબેન ભાવસાર, ગીરાબેન ભટ્ટ, અનિલ પાઠક ‘નયન’ દ્વારા વાર્તાકથન કરવામાં આવ્યું હતું. ગાયત્રી પરિવારના જશુબેન ઠક્કર અને સાવિત્રીબેન દ્વારા પરિવાર અને સમૂહની ભાવના, જીવન મૂલ્ય શિક્ષણ અને ગાંધીજીના એકાદશ વ્રતો અંગે સંવેદનશીલ વાત કરવામાં આવી હતી. પરમજીતકૌર છાબડાએ પોષણક્ષમ આહાર, ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભાનુભાઈ પુરાણીએ જીવનમાં વ્યવસ્થિતતા, મયુર જોષીએ યાદશક્તિ વધારવા, ગોલ સૅટીંગ, જાહેરમાં બોલવાની કળાનો વિકાસ, ભવિષ્ય નિર્માણનું આયોજન, કૃતિ ભાવસારે પપેટ અને ઉમાબા સોલંકીએ દિવાળી કાર્ડ તથા ફ્રી હૅન્ટ પેઈન્ટીંગ વગેરેની તાલીમ બાળકોને આપી હતી.

બાળકોએ શિબિર દરમ્યાન આવેલ પ્રશિક્ષકો સાથે તેમના વિષયની ખૂબ રસપૂર્વક ચર્ચા કરી હતી અને ઉત્સુકતાપૂર્વક તેમને પ્રશ્નો પણ પૂછ્યા હતા. જીવનમાં શું બનવું છે તે અંગેની વિસ્તૃત છણાવટ સાથે પોતાના ભવિષ્ય નિર્માણ માટે માતાપિતાને સાથે રાખી શિબિરનો આનંદ શિબિરાર્થી બાળકોએ માણ્યો હતો.

શિબિરના અંતે બાળકોએ હરણ ઉદ્યાન ખાતે પ્રકૃતિ દર્શનનો આનંદ માણ્યો હતો. જયશ્રીબેન ખેતિયા, દક્ષાબેન ભાવસાર અને મયુર જોષીએ બાળકોના વાલીઓ સાથે શિબિરના અનુભવોની ચર્ચા કરી હતી અને બાળકના ભવિષ્ય નિર્માણ અંગે વાત કરીને સૌ વાલીઓએ ઉદ્ગમના કાર્યાલય ખાતે દર મહિનાના પ્રથમ રવિવારે સવારે ૮.૩૦ વાગે એકત્ર થવાનો નિર્ણય કર્યો હતો. ઉદ્ગમ બાળવૈભવ શિબિરને સફળ બનાવવામાં ઉમાબેન ભટ્ટ, આશાબેન સરવૈયા, ડૉ. વર્ષાબેન પારેખ, જયશ્રીબેન ખેતિયા, સાક્ષી જોષીએ મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

# ૧૦૮ને ખોટો ફોન કરશો તો જેલ ભેગા થવું પડશે

### ૧૦૮ નંબર પર ફોન કોલ્સમાં અચાનક વધારો : તંત્રએ આવા તત્વોની વિરૂદ્ધ પગલા ભરવાનો ઠોસ નિર્ણય લીધો

ગાંધીનગર, તા.૩૧

૧૦૮ ઈમરજન્સી સેવા પર મજાક માટે ફોન કરનાર હવે જેલમાં જવા માટે તૈયાર રહેજો. કારણ કે તંત્રએ આવા તત્વો સામે પગલા ભરવા ઠોસ નિર્ણય લઈ લિધો છે. નોંધનીય છે કે ૧૦૮ નંબર પર આવા ઉદ્રવભર્યા ફોન કોલ્સમાં અચાનક વધારો થઈ ગયો હતો. વિગત એવી છે કે ૧૦૮ નંબર પર આવતાં




તમામ કોલ્સ, ૧૦૮ ઈમરજન્સી સેવાના માટે મહત્વના જીદંગી બચાવવાની મદદના કોલ છે અને એ કાર્ય પદ્ધતિની રચના એવી રીતે કરવામાં આવી છે કે દરેક કોલ્સ ૧૦૮ ઈમરજન્સી સેન્ટર દ્વારા અસરકારકતા અને કાર્ય સાધક્તાથી પ્રતિસાદ આપવામાં આવે છે. ૧૦૮ પર આવેલા અત્યાર સુધીનાં તમામ કોલ્સમાં ૯૯ ટકા જેટલાં કોલ્સ ત્રણ સેકન્ટથી પણ ઓછા સમયમાં પ્રતિસાદ પામેલા છે. ઈમરજન્સી મેનેજમેન્ટ સેન્ટરના વહીવટી કુશળ કર્મચારીઓને એવી તાલીમ અને વાતાવરણ પુરૂ પાડેલ છે કે જેનાથી તેમનો માનસિક તણાવનું સ્તર અને સેવાની ગુણવત્તા જાળવી શકાય છે. ૧૦૮ની ટીમે હમણાં જ અમુખ ટીખળ અને નિંદાત્મક કોલ્સ કરનારને ઓળખી કાઢ્યા છે કે જેમણે ૧૦૦૦થી ૧૫૦૦ વખત, એક જમાસમાં, જીદંગી બચાવતાં આ નંબર પર ફોન કરેલાં છે. આવા ઉપદ્રવકારક, અપમાનજનક અને નિંદાત્મક ફોન કોલ્સ, બિનઅસરકારક કોલ્સનાં પ્રકારમાં સમાવિષ્ટ થાય છે કે જે સીધે સીધું બિનઉત્પાદક કામનું ભારણ વધારે છે અને કર્મચારીઓનાં કિંમતી સમયને પણ નુકશાન પહોંચાડે છે, તેથી વધુ કોઈ પણ ઈમરજન્સીને હેન્ડલ કરવાના માર્ગમાં આડે આવે છે.

# શુક્ર સંક્રમણ ઈતિહાસ

આગામી ૬ઠ્ઠી જૂનના રોજ થઈ રહેલા શુક્ર સંક્રમણ બાબતે અત્યારથી જ ખાસ્સી ઉત્તેજના જોવામાં આવી રહી છે ને આ અંગે અઢળક માહિતીનો પ્રવાહ વહી રહ્યો છે, ત્યારે આ શુક્ર સંક્રમણના ઈતિહાસમાં પણ એક ડોકિયું કરીએ.

સંક્રમણ એટલે ગ્રહનું સૂર્યની સામેથી પસાર થવું, જે ખૂબ જ ઓછી બનતી ઘટના છે. પૃથ્વીની નજીકનો પાડોશી ગ્રહ શુક્ર કે જે અત્યારે રાત્રીના આકાશમાં ગુરૂથી ચૉક્કસ રેખામાં છે તેનો રસ્તો સૂર્ય તકતી સામેથી ૬ જૂનના રોજ પસાર થવાનો છે અને તેથી જ તે વિજ્ઞાન જગતમાં સમાચારમાં સ્થાન પામી રહ્યો છે. ખગોળશાસ્ત્રીઓને આશા છે કે સંક્રમણનો અભ્યાસ તેને દૂર આવેલા તારાઓની કક્ષાઓનાં અંતરોના અભ્યાસ માટે ચાવીરૂપ માહિતી પૂરી પાડશે.

૬ જૂન, ૨૦૧૨ના રોજ વહેલી સવારે સૂર્યની સામેથી શુક્ર ગ્રહને પસાર થતો જોઈ શકાશે અને હા, આ ઘટના ફરી ૨૧૧૭ સુધી થવાની નથી.

શુક્રનું સંક્રમણ ત્યારે થાય છે કે જ્યારે ગ્રહ અને પૃથ્વી કે જેનો સૂર્ય આસપાસનો પથ થોડા ખૂણે નમેલો હોય છે તે બરોબર એક રેખસ્થ થઈ કક્ષામાંથી પસાર થાય. તે દર ૨૪૩



વર્ષમાં ચાર વખત થાય છે, ૮ વર્ષની જોડમાં શુક્રના માત્ર છ જ સંક્રમણો જોઈ શકાયા છે. જેમાં છેલ્લે ૨૦૦૪માં લાખો માણસોએ દૂરબીન વડે સૂર્ય તકતીનું પ્રતિબિંબ ઝીલ્યું હતું અને શુક્રને ટપકા તરીકે કાર્ડ ઉપર અથવા ઈલૅક્ટ્રોનિક મૉનિટર ઉપર નિહાળ્યો હતો. આ વખતે ૬ઠ્ઠીએ એ ઘટના જોઈ શકાશે, પછી ૨૧૧૭માં અને તે પછી ૨૧૨૫માં. પહેલા સંક્રમણનું અનુમાન જોહનીસ કેપ્લરે કર્યું હતું. તેની ગણતરી અનુસાર આ સંક્રમણ ૧૬૩૧માં થયું હતું. જોકે તે યુરોપમાં જોઈ શકાયું ન હતું. બીજું સંક્રમણ ૪ ડિસેમ્બર, ૧૬૩૯ના રોજ થયું હતું જ્યારે જેરેમિયા હોરોક્સ શુક્ર સંક્રમણ નિહાળનાર પ્રથમ વ્યક્તિ બન્યા. તેમણે સફેદ કાર્ડ ઉપર સૂર્યનું પ્રતિબિંબ ઝીલ્યું હતું, બાદમાં લગભગ બપોરના ૩.૧૫ કલાકે સૂર્યની તકતી ઉપર કાળું ટપકું (ગ્રહ) ચમક્યો હતો. તેના આ અવલોકનથી હોરોક્સે ત્રિકોણીય પધ્ધતિ વાપરી સચોટ રીતે શુક્રનું કદ અને સૂર્યનું પૃથ્વીથી અંતર માપવાનો પ્રયત્ન કર્યો હતો. છતાં પછીના કિસ્સાઓમાં તે લાખો માઈલ દૂર તે પછીની સંક્રમણ જોડે (૧૭૬૧ અને ૧૭૬૯) ઘણું ધ્યાન ખેંચ્યું. ત્યારે દુનિયાભરમાં અભિયાનો મોકલવામાં આવ્યાં જેમાં કેપ્ટન જેમ્સ કૂકના પહેલા અભિયાનનો પણ સમાવેશ થાય છે. તેણે તાહિતીની મુલાકાત લઈ સંક્રમણ જોયું ત્યારથી તે જગ્યા હજુ પણ શુક્ર પોઈન્ટ તરીકે ઓળખાય છે. આ બધા અભિયાનોનો ઉદ્દેશ્ય એ હતો કે દુનિયામાં જુદા જુદા ભાગોમાં જઈ શક્ય એટલી માહિતી અવલોકન કરી એકત્ર કરવી અને ચોક્સાઈપૂર્વક સૂર્યમંડળનું કદ ગણવું.

અભિયાનોમાં મોકલાયેલ વિજ્ઞાનીઓમાં કમ ભાગ્યશાળી ફ્રૅન્ચ ખગોળશાસ્ત્રી ગુલૈમી લી જેટિંલ હતા જેમને માર્ચ ૧૭૬૦માં પૅરિસથી મોકલવામાં આવ્યા હતા પરંતુ તે સંક્રમણના દિવસે ૬ જૂન ૧૭૬૧ના રોજ પણ દરિયામાં હતા. તેમના જહાજના બંધનથી તે અવલોકન લઈ શક્યા ન હતા. આ કારણે લી જેટિંલે નક્કી કર્યું કે બીજા સંક્રમણ ૧૭૬૯ની રાહ જોશે અને પોંડિચેરીમાં તેમણે નાની વેધશાળા તૈયાર કરી. આ એક ભારતીય ફ્રૅન્ચ વસાહત હતી કે જ્યાં તેમણે ધીરજપૂર્વક બીજા સંક્રમણ - ૪ જૂન, ૧૭૬૯ની રાહ જોઈ.

એ જ ઈંતેઝારી આગામી ૬ઠ્ઠી જૂન માટે પણ છે. વિજ્ઞાનીઓ ને વિજ્ઞાન રસિકો તો આ સંક્રમણ જોશે જ, પરંતુ એ સિવાયના લોકો પણ આ સંક્રમણ માટે ઈચ્છુક છે, કારણ કે હવે સંક્રમણ ૨૧૧૭માં થશે!

**સૌજન્ય : ગુજકોસ્ટ**


# સ્વાધ્યાય તથા કથા શ્રવણમાં પ્રમાદ ન સેવીશ

## શ્રુતિ વચન છે કે ‘સ્વાધ્યાય તથા સત્સંગ એ બે જ્ઞાન ચક્ષુ વિનાનો માણસ અંધ છે, તે કાયમી અવળા માર્ગે જાય’

‘સ્વાધ્યાય પ્રવચનાભ્યામ્ મા પ્રમદિતવ્યમ્ ।’ અર્થાત્ ‘સ્વાધ્યાય તથા કથા શ્રવણમાં પ્રમાદ ન સેવીશ.’

પોતાના આશ્રમમાં રહી અભ્યાસ પુરો થતાં ગૃહસ્થાશ્રમમાં પ્રવેશવા જઈ રહેલા યુવાન બ્રહ્મચારીઓને દિક્ષાંત પ્રવચન આપતાં ગુરુના આ વાક્યો છે. દિક્ષાંત પ્રવચનનો સીલસીલો આજે પણ વિવિધ સ્વરૂપે ચાલુ જ છે. દરેક યુનિવર્સિટીમાં દિક્ષાંત સમારોહ (કોન્વોકેશન) ઉજવવામાં આવે છે. સામાન્યતઃ એવી પ્રથા છે કે દિક્ષાંત પ્રવચન કોઈ પણ જ્ઞાન-વિજ્ઞાન ક્ષેત્રના ઊંડા અભ્યાસી આપે છે. તેની કક્ષા પણ ઉચ્ચતર હોય છે.

અહીં ઉપનિષદોમાં તો પોતાના આશ્રમમાં રહી બાર વરસ અભ્યાસ કરનાર શિષ્યને ગુરુ પોતે જ અંતિમ ઉપદેશ આપે છે. એ સમયના ગુરુઓએ આપેલો આ ઉપદેશ દરેક યુગના અભ્યાસી શિષ્યો માટે કાયમ માર્ગદર્શક બને એવો છે. આપણે ત્યાં બાર વર્ષનો ગાળો મહત્ત્વનો ગણાય છે. જપ-તપ-જ્ઞાન-યજ્ઞ અને યોગ માટે બાર વરસની અવધિ મનાય છે. કદાચ પ્રશ્ન થાય કેબાર વરસ જ શા માટે ? તેનું સ્પષ્ટ કારણ છે. આપણા ઋષિમુનિઓ જાણતા હતા કે શરીરના કોષો રોજ નાશ પામે છે અને નવા સર્જાય છે. બાર વરસના અંતે શરીરના તમામ કોષો નવસર્જિત થઈ જતાં જૂનું શરીર બદલાઈ જાય છે. તે માટે બાર વરસની અવધિ રખાય છે. આજના વૈજ્ઞાનિકો આ સમય મર્યાદા સાત કે આઠ વરસની ગણે છે.



ગુરુ પ્રથમ ઉપદેશ આપતાં કહે છે, ‘જીવનમાં સદા સાવધ રહેજે. પ્રમાદ ન સેવીશ. ‘પ્રમાય એવ મૃત્યુ’ એમ વેદ કહે છે. ‘પ્રમાદ તથા આળસ મૃત્યુ સમાન છે’ તેમ શ્રુતિમાં કહેવાયું છે. પ્રમાદ જો તારા શરીરમાં એકવાર પ્રવેશષે તો હાનિકારક બનશે. અહીં આળખ તથા પ્રમાદ વચ્ચેનો તફાવત જરા સમજી લેવો જોઈએ.

આળસ એ શારીરિક બાબત છે, જ્યારે પ્રમાદ માનસિક બાબત છે. આળસ ખંખેરી વ્યકિત ઘડીભરમાં ઊભી થઈ જાય છે જ્યારે પ્રમાદ વ્યક્તિ ભાગ્યે જ કાર્ય માટે તત્પર બને. માટે જ ગુરુએ પ્રમાદ શબ્દ પ્રયોજ્યો છે.

શામાં પ્રમાદ સેવવાની ના પાડવામાં આવી છે ? સ્વાધ્યાયમાં.

સ્વાધ્યાય શબ્દ તો હવે જાણીતો છે. ગુરુ શિષ્યને રોજ સ્વાધ્યાય કરવાનું કહે છે. પોતાનું જ્ઞાન નિત્ય તાજું રાખવાનું છે. આઠ-દસ વરસ પહેલાં ઉતારેલ નોટ્સના આધાર લઈ આજકાલ વર્ગોમાં વ્યાખ્યાન અપાય છે. ગુરુ કહે છે, સ્વાધ્યાય કર, રોજ તાજું જ્ઞાન મેળવ. તારા

**સંસ્કાર ચિંતન**
**- અનંતરાય ન વ્યાસ**

મનગમતા વિષયમાં ઊંડો ઊતર. સતત ચિંતન અને મનન કર તો જ જ્ઞાન તાજું રહેશે. જ્ઞાનની પ્રાપ્તિ માટે સ્વાધ્યાય અતિ જરૂરી છે. પણ તેનો પુરો અર્થ સમજવો જોઈએ. કોઈપણ ધર્મ ગ્રંથનો મુખપાઠ કરી જવાથી સ્વાધ્યાય થતો નથી. એ તો પોપટિયું રટણ છે.

સ્વાધ્યાય એટલે તો ‘સ્વ’નો, પોતાનો અભ્યાસ. પ્રથમ જાત વિશે જાણવું, પોતાના સ્વરૂપની, સ્વની ઓળખ કરવી. ‘હું કોણ છું ?’ એ જાણવા માટે કરાતા પ્રયત્નો, વાચન-ચર્ચા અને સત્સંગ એ સૌનો સ્વાધ્યાયમાં સમાવેશ થાય છે. સ્વાધ્યાય એકાંતમાં-એકલા પણ થાય ને સહકાર્યકરો સાથે પણ થાય. સમૂહમાં થતો સ્વાધ્યાય સત્સંગને નામે ઓળખાય. આ સ્વાધ્યાય સત્સંગનો મહિમા પામે. શ્રુતિ વચન છે કે ‘સ્વાધ્યાય તથા સત્સંગ એ બે જ્ઞાન ચક્ષુ વિનાનો માણસ અંધ છે, તે કાયમી અવળા માર્ગે જાય.’

સત્સંગ તો પરમતત્ત્વને પામવા માટેનો રાજમાર્ગ છે. એકવાર વ્યક્તિ આ માર્ગ પર ચડે, તેમાં એને રસ પડે તો પાછી નથી ફરતી. સંત તુલસીદાસ કહે છે, ‘સાધૂ સંગની અડધી ઘડી માત્રથી કોટિ કોટિ અપરાધ કપાય છે. માટે તું સ્વાધ્યાયમાં સદા તત્પર રહેજે, પ્રમાદ ન સેવીશ.’

સ્વાધ્યાય સાથે ‘પ્રવચન’ શબ્દ પણ છે, ગુરુને ખ્યાલ છે કે શિષ્ય સ્વાધ્યાય તો જરૂર કરવાનો. પણ એ દરમિયાન તેના મનમાં પ્રશ્નો ઊઠશે. તેનું સમાધાન ક્યાં શોધશે ? આપણા મનમાં પ્રશ્નો ઊઠતા હોય છે. પણ તેને વ્યક્ત કરવામાં ક્યારેક સંકોચ થતો હોય છે. ગુરુ કહે છે, તારી શંકાનું તુરત નિવારણ કરજે. જ્ઞાની જાણકાર પાસે જઈ સમાધાન મેળવી લેવું તેમાં આળસ-પ્રમાદ ન સેવીશ. શ્રીમદ ભગવદ્ ગીતામાં પણ ભગવાન એ જ વાત કહે છે, ‘જાણકાર જ્ઞાની પાસે જઈ નમ્રતાપૂર્વક પ્રશ્ન પૂછી શંકાના વમળમાંથી નીકળી જવું.’ યોગ્ય વ્યક્તિ પાસેથી જો માર્ગદર્શન મળે તો જ્ઞાન-દષ્ટિ ખૂલે છે. કથા શ્રવણનો પણ મહિમા તો છે જ. પણ તેમાં વિવેક રાખવો જોઈએ. જ્ઞાનવર્ધક પ્રવચનો સાંભળવાથી ફાયદો થાય છે, જ્યારે મનોરંજક પ્રવચનો ઘડીભર આનંદ આપે એટલું જ.

સ્વાધ્યાય-સત્સંગ ને કથાશ્રવણ જ્ઞાન ગંગોત્રીના ત્રણ ફાંટા છે. ગમે ત્યાં ડૂબકી મારો. ગંગા સ્નાનનું પુણ્ય અવશ્ય મળવાનું. સ્વાધ્યાય-સત્સંગ માટે એક અધિક નિયમ પણ છે. તે નિયમિત તથા ચૉક્કસ સમયે થવો જોઈએ. એકવાર જો મનમાં સમય અંગે નિયમ બંધાઈ જાય તો પછી મન એ સમય માટે અગાઉથી જ તૈયાર હોય છે. તેને એકાગ્ર કરવા માટે પછી વધારે સમય નથી લાગતો. ઉલટાનો સત્સંગનો સમય થતાંત મન આપણને ટપારે છે.

દિક્ષાંત પ્રવચન આપતાં ગુરુ નિખાલસ કબૂલાત કરતાં એ પણ કહે છે કે ‘યાનિ યાનિ અસ્માકમ્ સુચરિતાની. તાની સેવ્યતાની નો ઈતરાની ।’ અમારા સુચરિતનું સેવન કરજે, અન્યના નહીં. જીવનમાં સ્વાધ્યાય-સત્સંગ તથા પ્રવચનમાં પ્રમાદ ન સેવાય તો સફળ થવાય.

